# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૧ અંક : ૭ ફેબ્રુઆરી ૨૦૧૧ મહા ૨૦૬૭ સળંગ અંક : ૨૨૮

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## સંપાદકીય

### कस्य स्विद् धनम्

કોઇપણ વ્યક્તિ માટે જીવવું અઘરૂં થઇ પડે એવા આકરા દિવસો આવ્યા છે. એમાં સપાટી પર જીવતા સંવેદનશીલ વ્યક્તિ (આમ આદમી)ની તો વાત જ ના કરશો. આપણે નરસિંહ મહેતા થોડા છીએ ! કે કુંવરબાઇનું મામેરૂં હોય, ઘરમાં એકે દામ ના હોય, ને 'ત્રિકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્યતણું છે કામજી' કહીને મામેરું કરવા ખાલી હાથે ચાલી નીકળીએ ! કે પછી બારોબાર અજાણ્યા યાત્રિકોને શામળશા શેઠ પર હુંડી લખી આપીએ !

હિંમત હારી જવાય, કોઇ ઉપાય ના સૂઝે એવા દિવસો છે. ચારેબાજુ સમસ્યાઓ જ સમસ્યાઓ. બાર સાંધો ત્યાં તેર તૂટે એવો ઘાટ છે. ગુજરાતીના એક પ્રથિતયશ સાહિત્યકાર સિતાંશુ યશશ્ચંદ્રએ એક નાટક લખ્યું છેઃ 'કેમ છો મકનજી ! ક્યાં ચાલ્યા !' આ નાટકનો મકનજી એ બીજું કોઇ નહીં પણ આપણા જેવો સાદો સીધો બીચારો આમ આદમી. આમ આદમી નિયમિત લાઇટબીલ ભરી દે છે. ફોનબીલ સમયસર ભરાય એની પૂરતી કાળજી રાખે છે. ને એ સરકારના કરવેરા પણ સમય કરતાં વહેલા ભરી દે છે. ટ્રાફિકના નિયમોનું સ્વપ્નમાં પણ ઉલ્લંઘન કરતો નથી. છતાં તમામ તકલીફો એને જ ભાગે આવે છે ! આતંકવાદના 'અ'થી માંડીને ભ્રષ્ટાચારના 'ભ' અને હડતાલના 'હ' સુધીના આખ્ખા કક્કામાં આ આમ આદમી સલવાઇ જાય છે.

સિતાંશુનો 'મકનજી' અમથાલાલની શોધમાં છે. ભાગવતનો સુદામા પોતાની પત્નીના અતિ આગ્રહને વશ વર્તીને બાળસખા કૃષ્ણને ત્યાં જવા નીકળેલો. ચાલીયો વાટમાં જ્ઞાનના ઘાટમાં મિત્ર મોહન તણું નામ લેતો. પરંતુ આજનો આમ આદમી આવું કશું કરી શકતો નથી. એને સરકારી વચનોમાં વિશ્વાસ છે. મંત્રીઓના ઠાલાં આશ્વાસનોને એ સાચાં માની લે છે. મોંઘવારી થોડાક જ દિવસોમાં જરૂર ઘટશે. આમ આદમી આ સાચું માની લે છે, ને મોંઘવારી ઘટવાના દિવસો ગણવા માંડે છે.

આમ આદમીની આ મોંકાણના મૂળ સુધી જઇએ તો જણાય છે કે 'માણસ બગડી ગયો છે.' ઉપરથી તે નીચે સુધી દરેક જગ્યાએ માણસ બગડી ગયો છે. એટલે જ સુન્દરમ્‌ને કહેવું પડેલું : હું માનવી માનવ થાઉં તો ય ઘણું. માણસ બગડી ગયો છે એટલે ? એના ચારિત્ર્યનું અધઃપતન થયું છે. એની નૈતિકતા, પ્રામાણિકતા, શિષ્ટ વ્યવહારુતા શિથિલ થઇ ગયા છે. આને પરિણામે સર્જાઇ છે સમસ્યાઓ જ સમસ્યાઓ.

આનો કોઇ ઉપાય ખરો ? ઉપાય છે આપણે પોતે પોતાની જાતને ઓળખીએ. નિજની ઓળખ પાછી મેળવીએ. ઓળખ ગુમાવી દેવાને કારણે જ તો આ બધી તકલીફો સર્જાઇ છે. માણસ પોતાનું માણસપણું ભૂલી ગયો છે. એટલે જ તો અશિષ્ટ આચરણ, અને તેને લીધે અધિકારભ્રષ્ટતા અને કર્તવ્યભ્રષ્ટતા ઘર કરી ગયા છે. દરેક મનુષ્ય પોતાના ભાગે આવતું સહજકર્મ પૂરી નિષ્ઠાથી કરે તો સમસ્યા રહે જ નહીં. ગીતાકાર કહે છે :

> सहजं कर्मकौन्तेय सदोषमपि न त्यजेत्।
> सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः॥

મનુષ્ય સ્વભાવ પ્રાપ્ત કર્મ કરે તો આ કશી મગજમારી જ ના રહે. કબીર સાહેબ કહે જ છે ને ! સાધો સહજ સમાધિ ભલી... ચાલો, એ જીવન સાધનાની વાત થઇ. પણ આપણે સામાન્ય માણસો આપણા અંતરાત્મા અનુસાર કાર્ય કરીએ તો આ બધી તકલીફો દૂર થઇ જાય.

આજે આપણે પરધર્મને આચરીએ છીએ. બીજાના કર્મોને આદર્શ બનાવીને કામ કરીએ છીએ. એટલે કશામાં ભલીવાર આવતો નથી. ગીતામાં કહ્યું છે : स्वधर्मे निधनं श्रेय परधर्मो भयावहः।

બીજું આપણે સમાજજીવનમાં પ્રવર્તતી વિસંગતતાઓને ચલાવી લઇએ છીએ. આપણી નીચે રેલો આવે છે ત્યારે ઊભા થઇ જઇએ છીએ. પરંતુ સમયસર વિસંગતિને દ્રઢતાથી રજૂ કરતા નથી. કહો કે વ્હીસલ બ્લોઅરનો ધર્મ ચૂકી જઇએ છીએ. મારે કેટલા ટકા ? મારે શું ? બધા જ બદમાશ છે ! આમાં કોઇ ફરે પડે એમ નથી. એમ માનીને આપણે સત્ય પ્રત્યે મૂંગા થઇ જઇએ છીએ. સત્ત્વ, ખુમારી, ખમીર, આત્મગૌરવને આપણે વીસરી ગયા છીએ. આ આત્મગૌરવને તો જગાડવું જ પડશે. ગૌરવાન્વિત કરવું પડશે.

આજે ચારેકોરથી લૂંટાલૂંટ ચાલી રહી છે ત્યારે આપણે જાગૃત થઇ જવાનું છે. ને સવાલ કરવાનો છે. કેટલું લૂંટશો ભાઇ ! સુભાષિતકાર તો કહે છે : न वित्तेन तर्पणीयो मनुष्यः। મનુષ્ય ધનથી તૃપ્ત થતો જ નથી. ઉપરથી તેડું આવે છે ત્યારે આ બધું અહીં જ છોડીને જવું પડે છે.

તો પછી ધન એકઠું ના કરવું ? સ્વૈચ્છિક ગરીબાઇ વેઠવી ? ના. ધન જરૂર એકઠું કરવું. એ રીતે ધનને અસુરો, રાક્ષસોની ચુંગાલમાંથી મુક્ત કરવું. ને પછી રાષ્ટ્રનિર્માણના કાર્ય માટે ભારત માતાની સેવા માટે સમર્પવું. ધન ત્યાગ માટે એકત્ર કરવું. ભોગ માટે નહીં. ઉપનિષદ સમજાવે છે એ મુજબ આપણે ત્યાગીને ભોગવવાનું છે. कस्य स्विद् धनम्! ધન કોનું છે? ધન પર મનુષ્યનો અધિકાર કેટલો ? જેનાથી પેટ ભરાય એટલો. આ સિવાય જે વધારાનું ધન એકઠું કરે છે તે 'સ્તેન' છે. ચોર છે. દંડને પાત્ર છે.

- નિરંજન પટેલ

## Teaching - Learning

આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી જશભાઇ મોતીભાઇ પટેલ આર્ટ્સ કોલેજ** અને **શ્રી જે. એમ. પટેલ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન હ્યુમેનિટીઝ**, આણંદના સંયુક્ત ઉપક્રમે ચાલતી **''જશકમલ વ્યાખ્યાનમાળા''** અંતર્ગત સંસ્થાધ્યક્ષ બિપીનચન્દ્ર પી. પટેલ (વકીલ)ની અધ્યક્ષતામાં બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી (કાશી)ના સંસ્કૃત વિષયના એસોસિયેટ પ્રોફેસર ડૉ. ધનંજય પાંડેનું તાજેતરમાં **''વેદાન્તસાર'' વિષે એક વ્યાખ્યાન** યોજાઇ ગયું.

આ જ વ્યાખ્યાનમાળા અંતર્ગત સંસ્થાધ્યક્ષ બિપીનચન્દ્ર પી. પટેલ (વકીલ) ની અધ્યક્ષતામાં જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય, દિલ્હીના સંસ્કૃત વિષયના પ્રોફેસર ડૉ. સંતોષકુમાર શુક્લનું **''ભારતીય સંસ્કૃતિ અને તેના વિદ્યાસ્થાનો''** વિષે તાજેતરમાં એક વ્યાખ્યાન યોજાયું.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** દ્વારા **તૃતીય સ્વર્ણિમ ગુજરાત મેનેજમેન્ટ કોન્કલેવ**નો પ્રારંભ કરવામાં આવ્યો. એનું અધ્યક્ષસ્થાન ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ સી. એલ. પટેલે શોભાવ્યું હતું.

આ જ કોલેજ દ્વારા યોજાયેલ મેનેજમેન્ટ કોન્કલેવમાં **છઠ્ઠી 'ઇ બિઝ સમીટ'**નો પ્રારંભ થયો હતો.

આ સમીટમાં મોબાઇલ ટેકનોલોજીમાં વધતા જતા વપરાશને સમજાવતા થર્ડ જનરેશન ટેકનોલોજી ટૂંકમાં ૩જી તરીકે ઓળખાતા ખૂબ જ નવા વિષય પર એર સેલ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર કંપનીના ગુજરાત રાજ્યના માર્કેટિંગ વડા શ્રી મોહન સિંહનમને વ્યાખ્યાન આપ્યું હતું, ત્યારબાદ દિલ્હીથી આવેલા એસ એફ કલાઉડસ કોમ્યુટીંગના સીઇઓ શ્રી કમલદીપે **''એનહાન્સીંગ કસ્ટમર એક્ષપીરીયન્સ''** વિષય પર પ્રવચન આપ્યું હતું.

વેબ મેવાન્સ પ્રા. લિ. કં.ના સીઇઓ શ્રી હસીત રૂપારેલે **''બ્રાન્ડ બિલ્ડીંગ થ્રુ વેબ''** વિષય પર વકતવ્ય આપ્યું હતું. આઇઝેક સંસ્થા દ્વારા ભારતની મુલાકાતે આવેલ આશરે ૪૦ ચીન, હોંગકોંગ, તાઇવાનના વિદ્યાર્થીગણ આ સમીટમાં સામેલ થયા હતા.

આ જ કોલેજ દ્વારા યોજાયેલ સ્વર્ણીમ ગુજરાત મેનેજમેન્ટ કોન્કલેવ અંતર્ગત બીસીએ, આઇટીએમ તથા માસ્ટર્સ ઑફ ઇ બિઝનેસના વિદ્યાર્થીઓ માટે **પ્રોગ્રામિંગ કોમ્પીટીશન, વેબ ડિઝાઇનીંગ તથા સર્ચ એન્જીન ઓપ્ટીમાઇઝેશન અંગેની સ્પર્ધાઓ**નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણેય સ્પર્ધાઓમાં આશરે ત્રણસો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આણંદ-વિદ્યાનગર ખાતે ચાલતી વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ પણ આમા ભાગ લીધો હતો.

આ જ સંસ્થા દ્વારા સતત પાંચમાં વર્ષે નોવેલસ - **''ધ એડ મેકિંગ સ્પર્ધાનું''** આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ ગુજરાતના આ વર્ષની ઉજવણી તથા કોન્કલેવની થીમ આધારીત સ્વર્ણિમ ગુજરાતના વિવિધ પાસાને આવરી લેતી કુલ ૨૦ જાહેરાતો ૨૦ ટીમ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

આ સ્પર્ધામાં કુલ ૬૫ ટીમોએ પોતાના આઇડિયા રજૂ કર્યા હતા. કુ. કૃતિ શાહ તથા પ્રિયેન બાલાકૃષ્ણ દ્વારા યોજાયેલ વર્કશોપમાં વિદ્યાર્થીઓને જાહેરાત બનાવવાની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. કુલ બે રાઉન્ડના સ્ક્રીનીંગ બાદ ૨૦ ટીમો આખરી તબક્કામાં સ્પર્ધા માટે સામેલ કરવામાં આવી હતી.

નિર્ણાયક તરીકે પ્રા. અમર ગારગેશ, જાણીતા ટીવી તથા ફિલ્મ ડાયરેક્ટર દિપક અંતાણી, રેડીયો પ્રોગ્રામ પ્રોડ્યુસર પ્રણવ જાની તથા એડવર્ટાઇઝર પ્રિયેશ બાલાકૃષ્ણને સેવા આપી હતી.

કાર્યક્રમનું સંચાલન કુ. શૈલી તથા રુચી ચોકસીએ કર્યું હતું.

આ જ કોલેજ દ્વારા યોજાયેલ સ્વર્ણીમ ગુજરાત મેનેજમેન્ટ કોન્કલેવના ચોથા દિવસે **એલીકોન બેસ્ટ બિઝનેસ આઇડિયા કોન્ટેસ્ટ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વકતા તરીકે ગજશિલ્ડ ટેકનોલોજીસ લિમિટેડ, મુંબઇના ફાઉન્ડર તથા સીઇઓ સુનિત જૈને પોતાના ૧૫ વર્ષના અનુભવને વિદ્યાર્થી સમક્ષ વ્યક્ત કરતા આંત્રપ્રિનિયર બનવાની પ્રક્રિયામાં પોતાને થયેલ અનુભવની વિગતે વાત કરી હતી. ગેસ્ટ ઑફ ઑનર તરીકે એલીકોન ગ્રુપ ઑફ કંપનીના વાઇસ પ્રેસીડન્ટ (કોમર્શીયલ), શ્રી એચ. સી. શાહે **''ફાઇનાન્સીઅલ ચેલેન્જીસ ફેસ્ડ બાય એન્ટરપ્રેનિયર''** વિષય પર પ્રવચન આપ્યું હતું.

કુલ ૩૮ ટીમોને વર્ષ દરમ્યાન ટ્રેનિંગ આપવામાં આવી હતી જેમાંથી આજની સ્પર્ધામાં કુલ ૧૪ બિઝનેસ આઇડિયા રજૂ કરવામાં આવ્યાં હતા. જેમાં પ્રોટીગો કોલર, એએસી બ્લોક, કલીક એ બુક, હ્યુમેનો, સ્કોલર સોલ્યુશન ડોટ કોમ, આયન, હાઇડ્રોપોલીક સ્ટ્રોબેરી ઉત્પાદન, ઍક્વા ઍડવેન્ચર વૉટર એન્ટરટેઇનમેન્ટ કં., એન્વાયરનમેન્ટ પ્રૉટેકશન કં., એડ્વર્ડટાઇજિંગ વેજ મંડી.કોમ રજૂ કરવામાં આવ્યા હતા. છેલ્લા છ મહિનાથી તૈયારીને અંતે વિદ્યાર્થીઓ દ્વારા ધંધાના બધા જ પાસાને આવરી લેવામાં આવ્યાં હતા.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે અનુભવી ઉદ્યોગકાર, પ્રેકટીસીંગ ચાર્ટડ એકાઉટન્ટ, એકેડેમીશ્યનને સેવા આપી હતી. જેમાં શ્રી આર એમ કાપડીયા, રીટાયર્ડ ફાઇનાન્સ ડાયરેક્ટર, એલેમ્બીક કં, વડોદરા, શ્રી એ જી ભટ્ટ, જનરલ મેનેજર, સ્ટર્લિંગ ગ્રુપ ઑફ કંપની, વડોદરા, મિ થ્રી બોલ્ટ ક્વીવીગર, એનેટેક લી, ફ્રાન્સના સીઇઓ, પ્રો. ડી એમ પરીખ, ઇડીઆઇઆઇ- ગાંધીનગર, ચાર્ટડ એકાઉટન્ટ રૂપિન પટેલ તથા આંત્રપ્રિનિયર સુનિત જૈનનો સમાવેશ થાય છે.

જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર દ્વારા અનુદાનિત અને **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન** (સી.ટી.ઇ.), વલ્લભ વિદ્યાનગર દ્વારા તા. ૧૧, ૧૨, ૧૩ જાન્યુઆરી, ૨૦૧૧ દરમિયાન **''અદ્યતન ગ્રંથાલયઃ સુવિધા-સેવા''** ત્રિદિવસીય સેમિનાર-કમ-વર્કશોપનું

આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનું ઉદ્ઘાટન પ્રિ. ડૉ. એન. આર. પટેલે કર્યું હતું.

સેમિનારના પ્રથમ સેશનમાં ડૉ. શિવદાનભાઈ ચારણે **''ગ્રંથ-ગ્રંથાલય-ગ્રંથપાલ''**ના સંદર્ભે ચર્ચા કરી હતી. ત્યારબાદ શ્રીમતી ભાવિકાબેન એન. ભટ્ટે **''શાળા ગ્રંથાલય''** વિશે ખ્યાલ આપ્યો હતો. તૃતીય ચરણમાં ડૉ. નિમિષભાઈ ઓઝાએ **''વર્ગીકરણ-સૂચિકરણ''** પર ટેકનીકલ અને અંકશાસ્ત્રીય માહિતી રજૂ કરી ચર્ચા કરી હતી. આ જ સંદર્ભમાં **''વર્ગીકરણ-સૂચિકરણ (પ્રાયોગિક)''** સમજ શ્રી લક્ષ્મણભાઈ કટારાએ આપી પુસ્તકોનું વર્ગીકરણ અને સૂચિકરણ કરી એલ.સી.ડી. પ્રોજેક્ટર પર વિવિધ સ્લાઈડો દર્શાવી કેટલોગ, સંદર્ભગ્રંથ સૂચિ, નંબરીંગ વગેરેની શાળા ગ્રંથાલયમાં આવશ્યકતા અંગે સમજ આપી હતી. અંતિમ સેશનમાં ડૉ. ડી.જી. પટેલે **''ઉપભોક્તા શિક્ષણ-જાગૃતતા''** દ્વારા ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગ અને ગ્રંથાલયમાં ઉપભોક્તા આકર્ષવા ગ્રંથપાલ દ્વારા આપવામાં આવતા ઉપભોક્તા શિક્ષણની વાત રજૂ કરી હતી.

તા. ૧૨-૧-૨૦૧૧ (બુધવાર)ના રોજ ડૉ. વૈશાલીબેન ભાવસારે **''કમ્પ્યુટર દ્વારા ગ્રંથાલય સેવાઓ''** વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. જ્યારે બીજા વ્યાખ્યાનમાં ડૉ. શિશીરભાઈ માંડલિયાએ **''ગ્રંથાલય સંચાલન- વહીવટ''**ની સમજ રજૂ કરતાં શાળા ગ્રંથાલય સંચાલન અને વહીવટ વિશે માહિતી આપી હતી. તૃતીય બેઠકમાં ડૉ. ઉર્મિલાબેન ઠાકરે **''ગ્રંથાલય આધુનિકીકરણ''** પર ચર્ચા કરી હતી. ત્યારબાદ આ બંને વ્યાખ્યાનોના અનુસંધાનમાં શ્રીમતી ભાવિકાબેન ભટ્ટ દ્વારા સોફ્ટવેર અંગેની માહિતી-સમજ આપી યુનિવર્સિટી ભાઈકાકા ગ્રંથાલયમાં સહભાગી જૂથ સમક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

તા. ૧૩-૧-૨૦૧૧ (ગુરૂવાર)ના રોજ પ્રથમ બે બેઠકમાં પ્રો. (ડૉ.) ડી. આર. ગોએલ (Chairman, NCTE-WRC) એ **''અધ્યયન સ્ત્રોતોનું વ્યવસ્થાપન''** વિશે વાસ્તવવાદી અભિગમો અનેક દ્દષ્ટાંતો, ચર્ચા-પ્રશ્નોત્તરી દ્વારા સમજ આપી વ્યવસ્થાપનનું ગ્રંથાલયમાં મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ ત્રીજી બેઠકમાં ડૉ. સી. કે. પટેલે **''ગ્રંથપાલની વિશિષ્ટ લાક્ષણિકતા''** વિષય પર વૈવિધ્યસભર માહિતી રજૂ કરી હતી. જ્યારે ચોથી બેઠકમાં ડૉ. સુમનભાઈ પારેખે **''માહિતી સ્રોતઃ ઈન્ટરનેટ''**ની સમજ પ્રોજેક્ટર દ્વારા રજૂ કરી હતી.

➢ **અનુસ્નાતક શિક્ષણ વિભાગ**ના સર્વ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ તારીખ ૨૦-૧૨-૨૦૧૦થી ૩૦-૧૨-૨૦૧૦ દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના પાંચ **શિક્ષણ મહાવિદ્યાલયો ખાતે ક્ષેત્રકાર્ય** કર્યું. ક્ષેત્રકાર્ય દરમ્યાન એમ.એડ્.ના વિદ્યાર્થીઓએ પાઠ આયોજન, નિદર્શન પાઠ, પાઠ અવલોકન, મેન્ટરીંગ અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓ કરી હતી.

➢ **અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગ**માં કાર્યરત એસોસિયેટ પ્રોફેસર **ડૉ. એસ. એમ. મકવાણા**એ ૩થી ૭ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ ચેન્નાઈ ખાતે યોજાયેલી **ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ**માં આપણી યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરીને શોધપત્ર પ્રસ્તુત કર્યું હતું. એમના શોધપત્રનો વિષય હતો : "A Study of an age, tenure of experience, types of supervision and nature of family of non-technical employees among different types organization" આ ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસનું ઉદ્ઘાટન ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે કરેલું. વળી, આ કોંગ્રેસમાં ઈ.સ. ૨૦૦૯ અને ૨૦૧૦ના ડૉ. વેંકટરામન રામક્રિશ્નન સહિત અનેક નોબલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિકો અને દેશભરના વૈજ્ઞાનિકો જોડાયા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના ડીન **ડૉ. એન. આર. પરમારે** પણ આ કોંગ્રેસમાં ઉપસ્થિત રહી શોધપત્ર પ્રસ્તુત કર્યું હતું.

➢ **અનુસ્નાતક ગુજરાતી વિભાગ** દ્વારા સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડિયન લેંગ્વેજીસ, માયસોરના સહયોગમાં **નેચરલ લેંગ્વેજ પ્રોસેસીંગ** અંગે તા. ૧૭થી ૨૦ જાન્યુઆરી, ૨૦૧૧ દરમિયાન એક કાર્યશાળાનું આયોજન થયું હતું. એમાં સેન્ટ્રલ ઈન્સ્ટી. ઑફ ઈન્ડિયન લેંગ્વેજીસના લિંગ્વીસ્ટીક ડેટા કોન્સોર્ટીયમ ફોર ઈન્ડિયન લેંગ્વેજીસના કો-ઑર્ડિનેટર મોના પરખ તેમજ શાહીદ ભાટ, ... હિરેન ગઢવી ઈત્યાદિએ નેચરલ લેંગ્વેજ પ્રોસેસીંગના વિવિધ પાસાંઓનો પરિચય કરાવ્યો હતો. આ કાર્યશાળામાં અનુસ્નાતક ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ તેમજ આસપાસની કોલેજોના રસ ધરાવતા અધ્યાપકો જોડાયા હતા.

આ જ વિભાગના ઉપક્રમે ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગમાં **'સુરેશ જોશીનું સાહિત્ય વિશ્વ'** વિષયક રાજ્યકક્ષાનો પરિસંવાદ તાજેતરમાં યોજાઈ ગયો. આ પરિસંવાદનું બીજરૂપ વક્તવ્ય પ્રો. સુમન શાહે આપ્યું હતું. પરિસંવાદમાં સર્વશ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા, શિરીષ પંચાલ, વિજય શાસ્ત્રી, વિનોદ જોશી, જયેશ ભોગાયતા, જયદેવ શુક્લ, કિશોર વ્યાસ જેવા વિદ્વાનોએ સુરેશ જોશીના સાહિત્ય-પ્રદાનની વિચારણા કરી હતી. પ્રસ્તુત પરિસંવાદમાં ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં અધ્યાપકો અને વિભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ જ વિભાગના **પ્રો. મણિલાલ હ. પટેલે** તાજેતરમાં ખેડબ્રહ્મા ખાતે યોજાયેલા ગુજરાતીનો અધ્યાપક સંઘના ૬૦મા અધિવેશનમાં અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. ગુજરાતીના અધ્યાપકો માટે આ એક મોટું સન્માન ગણાય છે. આ અધિવેશનમાં અનુસ્નાતક ગુજરાતી વિભાગના વડા **પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટે** દ્વનિઘટક અંગે અને **પ્રો. પરમ પાઠકે** ગુજરાતી લોકકથા : ઈતિહાસમૂલક મૂલ્યાંકન અંગે શોધપત્ર રજૂ કર્યું હતું.

આ જ વિભાગના વડા **પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટે અને પ્રો. પરમ પાઠકે** આર્ટ્સ કોલેજ, સંતરામપુર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે તાજેતરમાં યોજાયેલ ઉમાશંકર જોશી જન્મશતાબ્દી ઉજવણીના પરિસંવાદમાં ઉમાશંકરની કવિતા અને ઉમાશંકર જોશીની રોજનીશી અંગે વકતવ્યો આપ્યા હતા.

આ જ વિભાગના **પ્રો. પરમ પાઠકે** તાજેતરમાં એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા ખાતે સુધારક યુગનું સાહિત્ય : 'સાંસ્કૃતિક સંદર્ભ' વિષય પર યોજાયેલા રાષ્ટ્રીય પરિસંવાદમાં 'સુધારક યુગના સાહિત્ય વિવેચનનો સાંસ્કૃતિક સંદર્ભ' અંગે વકતવ્ય આપ્યું હતું.

## Extension

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ લો કોલેજ,** આણંદ દ્વારા તા. ૧૨-૧-૨૦૧૧ના રોજ **સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે** કોલેજના બી.બી.એ.એલએલ.બી.ના વિદ્યાર્થીઓ માટે **''સ્વામી વિવેકાનંદ : અ યુથ આઇકોન''** ઉપર નિબંધ સ્પર્ધા યોજાઇ હતી. આ નિબંધ સ્પર્ધામાં પ્રાધ્યાપિકા પ્રિયંકા કંસારા તથા મૌલિકભાઇ રાઠોડના સંયોજનમાં કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સાથે સ્વામી વિવેકાનંદજીને ભાવાંજલી સ્વરૂપે રાષ્ટ્રધર્મ પ્રચારક શ્રી ધર્મેન્દ્રભાઇ પાઠકનું વ્યાખ્યાન યોજાયું હતું.

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ** દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પ્રસંગે શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્‌મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન તથા કોલેજના કાર્યકારી આચાર્યશ્રી પંકજ બી. ત્રિવેદીની રાહબરી હેઠળ શ્રમશિબિર, નિબંધ લેખન સ્પર્ધા તેમજ સ્વામી વિવેકાનંદ પ્રતિમા પૂજન જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સ્વામી વિવેકાનંદની પ્રતિમાના પૂજનના કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હરીશ પાઢ, નગરપાલિકાના પ્રમુખ શ્રી વિજયભાઇ પટેલ તથા અન્ય મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી પૂજનવિધિમાં ભાગ લીધો હતો. આ કોલેજના વિદ્યાર્થીઓએ **યુવા વિવેક વૉક**માં પણ કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તા. ૯-૧-૨૦૧૧ના રોજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ પરિસરમાં રામકૃષ્ણ મિશનના આદર્શોને અનુરૂપ યુવાનોમાં સામાજિક પ્રદાનની ભાવના વિકસે તે હેતુથી **એન.એસ.એસ. તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા શ્રમદાન** કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં કુલ ૫૦ યુવાનોએ ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. ટી. એન. ચૌધરીએ કર્યું હતું.

તા. ૧૧-૧-૨૦૧૧ના રોજ **વાંચે ગુજરાત** કાર્યક્રમના અનુસંધાનમાં **'સ્વામી વિવેકાનંદ-મારી દષ્ટિએ'** વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૯ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રો. આર. પી. પટેલ તેમજ પ્રો. એ. કે. યાજ્ઞિકે ભૂમિકા ભજવી હતી. જેમાં કુ. સેજલ પુરબીયા, કુ. ગૂંજન પંજાબી તથા શ્રી વિશાલ ચૌહાણ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયા હતાં.

શ્રી રામકૃષ્ણ સેવા મિશન તેમજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સમાજ સેવાની પ્રવૃત્તિઓ પણ હાથ ધરે છે. જેમાં વિલુપ્ત થતી કલાના પ્રોત્સાહન માટે જાદુગર શ્રી રૂઆબખાનનો કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓ દ્વારા આર્થિક પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ લો કોલેજ,** આણંદના વિદ્યાર્થીઓએ ''ડીપાર્ટમેન્ટ ઑફ ફોરેન્સીક સાયન્સ'', ગાંધીનગર તેમજ કાનૂની વ્યવસાયના અભિન્ન અંગ એવી ''પેરા લીગલ ટ્રેઈનીંગ'' મેળવવા લીગલ એઇડ ક્લીનિક, અમદાવાદ ખાતે **પ્રશિક્ષણ પ્રવાસ** અર્થે મુલાકાત લીધી હતી.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ,** આણંદ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે **''રેડ રીબન ક્લબ''** અંતર્ગત શ્રીકૃષ્ણ હોસ્પિટલનું કરમસદના સહયોગથી વિદ્યાર્થીમાં **HIV/AIDS અંગે જાગૃતતા લાવવા**ના આશયથી તા. ૩૦-૧૨-૨૦૧૦ના રોજ આ અંગેની **Objective Test**નું આયોજન થયું હતું. આ Objective Testમાં આશરે ૯૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ જ કોલેજ માં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ''રેડ રીબન ક્લબ'' અન્વયે શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદના સહયોગથી **'HIV/AIDS જાગૃતતા'** પર શ્રીકૃષ્ણ હોસ્પિટલના P & SM વિભાગના Assistant Professor ડૉ. મનીષાબેન ગોહેલનું વ્યાખ્યાન તા. ૨૯-૧૨-૨૦૧૦ના રોજ યોજવામાં આવ્યું હતું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં શૈક્ષણિક ટેક્નોલોજી ફિલ્ડ અંતર્ગત **દશ્ય-શ્રાવ્ય સાધનોનું પ્રદર્શન** ગોઠવવામાં આવ્યું હતું.

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૩૧-૧૨-૨૦૧૦ના રોજ **વાલી સંમેલન કાર્યક્રમ** યોજાયો હતો.

બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ પટેલ કોમર્સ કોલેજ**માં બી.કોમ., બી.સી.એ., બી.બી.એ. અને બી.બી.એ. (આઇ.ટી.એમ.)ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે બોરીઆવી કેળવણી મંડળના મા. મંત્રીશ્રી રાજેશભાઇ આર. પટેલના અધ્યક્ષસ્થાને તાજેતરમાં **વાર્ષિક વાલી મંડળની સભા** યોજાઇ હતી.

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૨-૧-૨૦૧૧ના રોજ સ્વર્ણિમ ગુજરાત ઉજવણી તથા યુવા સપ્તાહ નિમિત્તે સ્વ. ચંચળબા જે. પટેલની સ્મૃતિમાં **વક્તૃત્વ સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધા** યોજવામાં આવી હતી.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં **સાંસ્કૃતિક કાર્યક્રમ-૨૦૧૧**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ વિવિધ કૃતિઓની દમદાર રજૂઆત કરી હતી. જેમાં સ્તુતિ, સોલો સોંગ, મોબાઇલ મેનિયા (માઇમ), સમૂહગીત, આદિવાસી નૃત્ય, મને તો માયા લાગી, વસ્તી વધારો (નાટક), નૃત્ય (દેશ મેરા રંગીલા), શિક્ષણક્ષેત્રે ભ્રષ્ટાચારને ઉજાગર કરતું નાટક, બહેનોનો દાંડિયા રાસ, આદિવાસી નૃત્ય રજૂ કર્યા હતા.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં દેવરાજભાઇ બારોટના મુખ્ય મહેમાનપદે તા. ૧-૧-૨૦૧૧ના

રોજ **લોકડાયરો** કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દુહા, છંદ, લોકગીત વગેરેની રજૂઆત કરી હતી.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં 'સ્વર્ણિમ ગુજરાત' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી પંકજભાઇ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ વિવિધ સ્પર્ધાઓમાં કોલેજના ૧૦૦ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.

તા. ૪-૧-૨૦૧૧ના રોજ **Wasteમાંથી Best સ્પર્ધા** યોજાઇ હતી. આ સ્પર્ધામાં (૧) કુતુબસ્સુમબાનું દિવાન પ્રથમ (૨) અવંતીકા દવે દ્વિતીય તેમજ (૩) દિવ્યા શાહ તૃતીય ઇનામને પાત્ર બન્યા હતા.

આ જ દિવસે **મહેંદી અને કેશ-ગુંફન સ્પર્ધા**ઓ યોજવામાં આવી હતી. મહેંદી સ્પર્ધામાં (૧) હિરલબેન આર. બ્રહ્મભટ્ટ પ્રથમ સ્થાને (૨) નિકિતા એસ. પટેલ દ્વિતીય સ્થાને તેમજ (૩) શ્વેતા જી. પટેલ તૃતીય સ્થાને આવ્યા હતા.

જ્યારે કેશ-ગુંફન સ્પર્ધામાં (૧) ધ્રુવિકા સોની પ્રથમ અને (૨) સોનમ મહેશ્વરી દ્વિતીય સ્થાને તથા (૩) ઉર્વિષા ધામેચા તૃતીય ઇનામને પાત્ર થયા હતા.

➤ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧૨-૧-૨૦૧૧ના રોજ સ્વર્ણિમ ગુજરાત ઉજવણી તથા યુવા સપ્તાહ નિમિત્તે **ટેલેન્ટ સર્ચ** કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

➤ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**ના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૨-૧-૨૦૧૧ના રોજ વિવેકાનંદ જયંતિના દિવસે **''સંગીત પ્રભાત''** રાખવામાં આવી હતી.

➤ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **અખિલેશ સુરેશભાઇ પટેલ આર્ટ્સ કોલેજ,** બોરીઆવીમાં સંસ્કૃત વિભાગ અંતર્ગત ગીતા જયંતિ નિમિત્તે **''શ્રીમદ્ ભગવદ્ગીતા'' વિષય પર આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં વિજેતામાં પ્રથમ સ્થાને શુક્લ લેખા, દ્વિતીય સ્થાને રાજ નીલમકુમારી તથા તૃતીય સ્થાને પટેલ કિંજલ આવ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. અનિલાબેન મિશ્રા તથા ભૂતપૂર્વ સંસ્કૃત વિભાગાધ્યક્ષ પ્રા. અમીબેન પટેલે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગાધ્યક્ષ પ્રા. જમદગ્નિ ઠાકરે કર્યું હતું.

➤ **શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ** તથા **અખિલેશ સુરેશભાઇ પટેલ આર્ટ્સ કોલેજ,** બોરીઆવીના સંયુક્ત ઉપક્રમે કોલેજમાં સી. બી. પટેલ આર્ટ્સ કોલેજના પ્રા. કિરીટભાઇ એ. પટેલના **એઇડ્સ જાગૃતિ** અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૧-૧-૨૦૧૧ના રોજ શ્રી નરોત્તમભાઇ ચુડાસમા (પ્રજ્ઞાચક્ષુ) મુખ્ય મહેમાન પદે **સામાન્ય જ્ઞાન ચકાસણી સ્પર્ધા** યોજવામાં આવી હતી.

➤ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **અખિલેશ સુરેશભાઇ પટેલ આર્ટ્સ કોલેજ**, બોરીઆવીમાં સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત તા. ૭-૧-૨૦૧૧ના રોજ **ક્વીઝ**-સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની પાંચ ટીમ પાડી હતી. તેમાં વિદ્યાર્થીઓને ગુજરાત તથા સાહિત્યને લગતા પ્રશ્નો પૂછીને તેમનો બુદ્ધિ આંક તપાસવામાં આવ્યો હતો.

આ જ કોલેજમાં તાજેતરમાં મંડળના મંત્રીશ્રી રાજેશભાઇ પટેલની નિશ્રામાં **વાર્ષિક રમતોત્સવ** યોજાયો હતો. આ રમતોત્સવમાં દોડ, વોલીબોલ, ચક્રફેંક, ગોળાફેંક, ખો-ખો, લાંબીકૂદ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

---

## નવી નિમણૂંક

➤ **અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગના વડા** તરીકે **ડૉ. એ. બી. પટેલ**ની નિમણૂંક કરવામાં આવી છે.

➤ **હોમિયોપેથીની અભ્યાસ સમિતિ**ની પુનઃરચના તા. ૧-૩-૨૦૧૧થી ૨૮-૨-૨૦૧૪ સમયગાળા માટે કરવામાં આવી છે. આ સમિતિના **અધ્યક્ષ** તરીકે શ્રી ડૉ. વી. એચ. દવે હોમિયોપેથીક મેડિકલ કોલેજના **ડૉ. પી. સી. દવે**ની નિમણૂંક કરવામાં આવી છે.

---

## એક અપીલ...

***શીલ શ્રુતમ્*** આપણા સૌનું છે. એમાં આપણે સૌ જરૂર સહયોગ કરીએ. પોતાની કોલેજ, અનુસ્નાતક વિભાગ, કેમ્પસમાં યોજાતા વ્યાખ્યાનો, પરિસંવાદ ઇત્યાદિ જેવી નોંધપાત્ર ઘટનાઓ, કેમ્પસ પરિવારમાં જોડાતા નવા સભ્યો, વિદાય લેતા પરિવારજનો અંગેની જાણકારી જરૂર મોકલો...

**સંપર્ક સૂત્ર : પરમ પાઠક**, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, માનવવિદ્યા ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

**e-mail :** sheelshrutam@gmail.com

## સંશોધન પ્રોજેક્ટ્સ મંજૂર થયા

| નં. | સ્કીમ | સંશોધનકર્તા | સંશોધન પ્રોજેક્ટ | સમયગાળો | અનુદાન (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧. | UGC | ડૉ. બીગી થોમસ<br>અનુ. સોશ્યલ વર્ક વિભાગ | Impact of NREGA Scheme: A Study on the overall Quality of life of its Beneficiaries (A Study undertaken among beneficiaries of 3 districts of Gujarat State) | ૧-૨-૨૦૧૧થી<br>૩૧-૧-૨૦૧૩ | ૪,૯૧,૨૦૦/- |
| ૨. | ભારત સરકાર ડિપાર્ટમેન્ટ ઑફ એટમિક એનર્જી (DAE) | ડૉ. સુનીલ ચાકી<br>એસોસીયેટ પ્રોફેસર<br>અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ | Synthesis and Characterization of TIN Monosulphide Thin Films, Nanoparticles and Single Crystals for Optoelectronic Devices | ત્રણ વર્ષ | ૨૪,૪૯,૦૦૦/- |
| ૩. | UGC | ડૉ. હસમુખચન્દ્ર એસ. પટેલ<br>અનુ. રસાયણશાસ્ત્ર વિભાગ | Decolorization and removal of Dyes from Textile industries' effluents | ૧-૨-૨૦૧૧થી<br>૩૧-૧-૨૦૧૪ | ૮,૬૪,૩૦૦/- |
| ૪. | ભારત સરકાર ડિપાર્ટમેન્ટ ઑફ એટમિક એનર્જી (DAE) બોર્ડ ઑફ રીસર્ચ ઇન ન્યુક્લિયર સાયન્સીસ (BRNS) | ડૉ. એમ. પી. દેશપાંડે<br>એસોસીયેટ પ્રોફેસર<br>પ્રિન્સિપલ ઇન્વેસ્ટીગેટર<br>તેમજ<br>ડૉ. એ. આર. જાની<br>કો-ઇન્વેસ્ટીગેટર<br>અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ | Raman Spectroscopy Resistivity Studies of Semiconductors under Pressure | ત્રણ વર્ષ | ૨૪,૬૧,૨૫૦/- |
| ૫. | UGC | ડૉ. એમ. નટરાજ<br>બી.આર.ડી. સ્કુલ<br>ઑફ બાયોસાયન્સીસ | Micropropagation of hyphaene dichtoma-A rare and endemic palm | ૧-૨-૨૦૧૧થી<br>૩૧-૨-૨૦૧૪ | ૭,૦૪,૩૦૦/- |

**સૌને અભિનંદન**

## વાંચે ગુજરાત અંતર્ગત

### તમે આ પુસ્તક જોયું ? – 'હું મૂવ્ડ માય ચીઝ ?'

આંતરરાષ્ટ્રીય બેસ્ટ સેલર નં-૧ 'હુ મૂવ્ડ માય ચીઝ ?' અંગ્રેજી પુસ્તકના મૂળ લેખક **સ્પેન્સર જહોનસન** (એમ.ડી.) છે. જેનો ગુજરાતી ભાવાનુવાદ અલકેશ પટેલે કર્યો છે. આર.આર. શેઠની કંપની દ્વારા પ્રકાશિત આ અનુવાદ ગુજરાતી વાચકોને પરિવર્તન સંસારનો નિયમ છે એ નીતિસાર સમજાવે છે.

આ એક સરળ પ્રેરણાત્મક બોધકથા છે. કથામાં ચાર પાત્રો છે. ભુલભુલામણીમાં પોતાનું 'ચીઝ' મેળવી જીવન નિર્વાહ ચલાવે છે. સ્નીફ અને સ્કરી બે ઉંદરો છે. હેમ અને હો માનવી જેવા બે વેંતિયાઓ છે. 'ચીઝ' - પ્રતીક છે. જીવનમાં જે કાંઇ સારું, એટલે કે કારકિર્દી, પ્રેમાળ, સંબંધો, પગાર, આરોગ્ય, શાંતિ... કે તક પણ ગણી શકાય. 'ભુલભુલામણી' એ મેળવવાનો માર્ગ છે. ઓફિસ, પરિવાર કે સમાજ તે પણ પ્રતીકાત્મક છે. બધાં જ પાત્રોને એકાએક નવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. તેમાં એકને સફળતા મળતી જાય છે, તેમ તેમ તે ભુલભુલામણીની દીવાલો પર લખી રાખે છે. આ લખાણ પરિવર્તનના સમયે કેવો નિર્ણય લેવો જેથી સફળતા મળે ને તાણમાંથી મુક્તિ મળે, તે સ્પષ્ટ કરે છે.

એકાદ કલાકમાં વાંચી જવાય એવું આ પુસ્તક ૪૨થી વધુ ભાષાઓમાં અનૂદિત છે અને ૪ કરોડથી વધુ નકલો વેચાઇ ચૂકી છે. વિશ્વ વિખ્યાત આ પુસ્તક વાંચવા જેવું ખરું, કારણ કે શક્ય છે આ પુસ્તક આપના ઉજ્જવળ ભવિષ્યનાં દ્વાર ખોલી દે. જીવનમાં પદાર્થપાઠ શીખવી પરિવર્તનનો સ્વીકાર કરવાનો રાજમાર્ગ છે. દરેક ચિંતનશીલ વ્યક્તિ આ પ્રતીકાત્મક કથાનું અર્થઘટન પોતાની રીતે કરી શકે અને પોતાના જીવનમાં આવતી પરિવર્તનશીલ સ્થિતિમાં પોતાને યોગ્ય નવું 'ચીઝ' મેળવી શકે, એટલું જ નહિ જીવનમાં સફળતા મેળવી શકે છે. પ્રેરણાત્મક પુસ્તકનું મૂલ્ય ઊંચું છે ને કિંમત ૯૫/- છે. જીવનભર ઉપયોગી પુસ્તક આપના અંગત પુસ્તકાલયનો એક નાનો પણ કીમતી હીરો બની રહેશે.

**- મહેશ ઉપાધ્યાય**
શ્રી આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજ
મોગરી, તા. જિ. આણંદ

## RESEARCH

➢ **અનુસ્નાતક હોમસાયન્સ વિભાગ**ને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હી દ્વારા **સ્પેશ્યલ આસિસ્ટન્સ પ્રોગ્રામ (SAP) અંતર્ગત DRS-1st (ડિપાર્ટમેન્ટલ રિસર્ચ સપોર્ટ) માટે** ૧ એપ્રિલ ૨૦૧૦થી ૩૧ માર્ચ ૨૦૧૫ સુધી પાંચ વર્ષના સમયગાળા માટે અનાવર્તક તથા આવર્તક ખર્ચ પેટે **રૂા. ૭૫,૦૦,૦૦૦/- રૂપિયાનું અનુદાન** મંજૂર થયું છે. હોમસાયન્સ વિભાગના વડા અને એમની સમગ્ર ટીમને અભિનંદન.

...continued from page 8

- Regardless of what happens, I will react as calmly and as intelligently as possible.
- I will ignore completely and close my mind to all those pessimistic and negative "facts" which I can do nothing to change.

**Positive Attitudes**

- Positive Self-expectancy (Optimism, Enthusiasm, Hope)
- Positive Self motivation (Desire for change, Urge)
- Positive Self image (Constructive imagination, Visualization, Creativity)
- Positive Self direction (Goal-seeking, Purpose oriented)
- Positive Self control (Self determination,Volition)
- Positive Self-esteem (Self-worth, Self respect, Self confidence)
- Positive Self-dimension (Total person, Visionary, Humanist)
- Positive Self-awareness (Self honesty, Empathy, Openness,Don't have psycho-cancer)
- Positive Self-projection (Communicative, Supportive, Impressive)

**Understanding Success & Failure**

*SUCCESS*

S- ense of direction
U-nderstanding
C-ourage
C-harity
E-steem
S-elf Confidence
S-elf Acceptance

*FAILURE*

F-rustation,hopelessness
A-ggressiveness
I-nsecurity
L-oneliness
U-ncertainty
R-esentment
E-mptiness

**Negative to Positive Thinking**

- Know what you really want to achieve(a sense of purpose is essential as first step to self-transformation)
- Be more constructively assertive
- Overcome unwanted habits(smoking, overeating too much salt or sugar)
- Improve your social relations
- Perform challenging tasks more effectively
- Develop a more positive self image
- Set realistic priorities
- Manage your time more efficiently
- Enjoy experiences more fully
- Enhance your motivation for achieving important goals

**Strategies for Stress Management**

- Associate with people whom you enjoy and who support you.
- Learn and practice relaxation or meditation skills.
- Engage in a vigorous physical exercise that is convenient and pleasurable. Sometimes it helps to get a friend to exercise with you.
- Don't let one thing dominate you, such as relationships, jobs, sports,etc.
- View life as challenges to seek, not obstacles to avoid.
- Take responsibility for your life and your feelings, but never blame yourself.
- Maintain a reasonable diet and sane sleeping habits.
- Use alcohol and other drugs wisely, be in control of it, not vice verse.
- Avoid the use of sleeping pills, tranquilizers, and other drugs to control stress.
- Protect your personal freedom and space. Do what you want and feel, but respect the rights of others. Don't tell others what to do,but if they intrude, let them know.
- Find a place and time each day where you can have complete privacy. Take time off from others and pressures.
- Don't drift along in troublesome and stressful situations or relationships. Take action to change rather than trying to avoid the problem. Taking chances is the key to emotional well-being.
- Surround yourself with cues from positive thoughts and relaxation.
- Review your obligations from time to time and make sure they are still good for you.If they are not, let them go.
- Open yourself to new experiences. Try new things, new foods, new places.
- When worries start to build up, talk to someone.

**Golden Rules**

- Don't judge, but observe.
- While you resist, it persists.
- Do nothing out of obligation, do it out of joy and choice.
- In order to relax, either do things or don't do it at all.
- Don't be attached to all you have.
- Canalize your strengths to the weaker points.
- Your values, beliefs and behavior are different from mine but I accept it.
- Life is a mystery to believe, not a problem to solve.
- Be in peace in ambiguity.
- Good Luck, Bad Luck who knows.

**Prof L R Yagnik**
Head, Department of Psychology
Sardar Patel University, Vallabh Vidyanagar

## Stress Management

- Stress is not all bad, and not all stress management is good. Despite its burgeoning popularity, stress management should not be uncritically accepted as providing "all the answers".
- Stress may take place in different spheres of life but job stress is not uncommon.
- Job Stress: If the demands on a person at work are higher than the perception of control by him or her, job stress will occur.

**Determinants of Stress**

Stress= (i) Cognitive Appraisal ( ii) Experience
(iii) Reinforcement (iv) Inverted U
(v) Task Difference (vi) Interpersonal effects
(vii) Personality: Type A-B, Hardiness

**Acquire the Habit of Happiness**

We think better, perform better, feel better and are healthier when we are happy.

Say to yourself as you tie your shoes in the beginning of the day, " I am beginning the day in a new and better way." Then consciously decide that, throughout the day:

I will be as cheerful as possible.

- I will try to feel and act a little more friendly towards other people.
- I am going to be a little less critical and a little more tolerant of other people, their faults, failings and mistakes. I will place the best possible interpretation upon their actions.
- So far possible, I am going to act as if success were inevitable, and I already am the sort of personality I want to be. I will practice "acting like" and "feeling like" this new personality.
- I will not let my own opinions colour facts in a pessimistic or negative way.
- I will practice smiling at least three times during the day.

*continued on page 7*


## Subscribe Today

| Annual | | Life |
|---|---|---|
| Students | : ₹10.00 | Faculty & Staff : ₹ 200.00 |
| Others | : ₹15.00 | Institutions & Individuals : |
| Institutions | : ₹100.00 | ₹ 500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**
US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar – 388 120, Gujarat – India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**


Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.